Research Review
The Refereed & Peer Review International Journal
www.researchreviewonline.com
ISSN : 2321- 4708
May 2019, Year - 5 (73)
Paper ID : RRJ000035

# ભારતીય શિક્ષણ પ્રણાલીની વિકાસરેખા

પરમાર રમાબેન દિનેભાઈ
મીરામ્બીકા કોલેજ ઓફ એજયુકેશન, રાજકોટ

---

પ્રાચિન યુગમાં તપોવન પધ્ધતિ દ્વારા શિક્ષણ આપવામાં આવતુ હતું. શિક્ષકના સાન્નિધ્યમાં વિદ્યાર્થીઓ રહેતા અને શિક્ષકોનું આચરણ વિદ્યાર્થીઓ કરતા હતા. શિક્ષણમાં તમે શું શીખ્યા અને શું મેળવ્યું તે તમારા વર્તનથી ખબર પડે. તપોવન પધ્ધતિમાં શિક્ષણ કેટલુ મેળવ્યુ તે ડિગ્રીથી નકકી થતુ ન હતું પણ જીવનના આચરણથી નકકી થતુ. જેમ ખોરાકની અસર કાગળ પર હિ પણ શરીર પર દેખાય તે રીતે શિક્ષણની પરખ પણ વિદ્યાર્થીના જીવન ઉપરથી થતી કે તેણે કેટલુ પચાવ્યું? શિક્ષણ એવી પધ્ધતિથી અપાતુ કે કયારે આપ્યુ અને લીધુ જયારે તેની ખબર પણ ના પડતી. રાજાના છોકરાને રાજય રાજય વહીવટ લક્ષમાં રાખીને, બ્રાહ્મણના છોકરાને બ્રહ્મવિદ્યા અને વેદઅભ્યાસનું શિક્ષણ આપવામાં આવતુ હતું. ઉપનિષદનું જ્ઞાન આપવામાં આવતુ હતું. ઉપનિષદ એટલે પાસે બેસીને જ્ઞાન પ્રાપ્ત કરવું. આ જ્ઞાનમાં ગુરૂ, શિષ્ય વિનમ્રતાથી, વિનયથી, સ્નેહથી, ગુરૂશિષ્યની ભાવના તથા ગુરૂ પ્રત્યેના પૂજયભાવથી શિક્ષણ આપવામાં આવતુ હતું.

**અંગ્રેજ યુગ દરમિયાન ભારતની શિક્ષણ પધ્ધતિમાં થયેલા ફેરફારો :**

પહેલાના યુગમાં બાળકને જે શિક્ષણ આપવામાં આવતુ તે સામાજિક લક્ષણ કે જેમાં બાળક તપોવનમાં રહી સંસ્કૃતિનું રક્ષણ કેવી રીતના કરવું તથા સમાજની અંદર સ્થિરતા કેમ લાવવી, માણસ સતતને સતત પ્રભુના સાન્નિધ્યમાં રહે તે પ્રકારનું શિક્ષણ આપવામાં આવતુ હતું. તેમાં બુધ્ધિવાદ કે વૈજ્ઞાનિક વલણના વિકાસને કોઈ સ્થાન ન હતું. પરંતુ અંગ્રેજો ભારતમાં આવ્યા ત્યારબાદ શિક્ષણનું સામાજિક મહત્વ ઘણુ વધી ગયું. વ્યકિતનો સર્વાંગી વિકાસ સાધવા માટે અને જે કાઈ અબૌધ્ધિક હેતુ તેને બદલવા માટે શિક્ષણનું સાધનાત્મક મહત્વ આંકવા લાગ્યું. આનાથી પરંપરાગત ધંધા પ્રણાલી મુજબ જે શિક્ષણ મળતુ ત્યા આધુનિક શિક્ષણ દાખલ કરવામાં આવ્યું.

બ્રિટીશયુગ દરમિયાન ભારતમાં શિક્ષણનું સ્વરૂપ બદલાયુ જે નીચેના મુદા પરથી જાણી શકાય.

૧) આધુનિક શિક્ષણમાં અંગ્રેજી ભાષાનું પ્રભુત્વ વધવા લાગ્યુ. પરિણામે ભારતીય લોકો પશ્ચિમના ઉદારમતવાદી વિચારો સાથેના સંપર્કમાં આવ્યા.

૨) આધુનિક શિક્ષણમાં વ્યકિતની સમજશકિતનો વિકાસ ઉપર ભાર મુકાવા લાગ્યો. તેમા તાર્કિક વિચારણા, મૌલિક ચિંતન અને વિવેક બુધ્ધિના વિકાસને પ્રાધાન્ય મળ્યું.

૩) આધુનિક શિક્ષણમાં સમાનતા, સ્વાતંત્ર્ય અને વૈજ્ઞાનિક વિચારોને પ્રાધાન્ય આપ્યું.

૪) આધુનિક શિક્ષણ બધી જ્ઞાતિ તથા તમામ ધર્મોના સભ્યો માટે ખુલ્લુ મુકાય. તેમા ઉચ–નીચ, સ્ત્રી–પુરૂષ, જ્ઞાતિ કે ધર્મના ભેદભાવ વિના બધા લોકોને શિક્ષણનો અધિકાર મળ્યો.

આધુનિક શિક્ષણ પરંપરાગત ભારતીય શિક્ષણથી તદ્ન ભિન્ન પ્રકારના સ્વરૂપનું હતું. આ શિક્ષણ મુકત વ્યકિતત્વ વિકસાવીને સામાજિક પરિવર્તનને નવી દિશા આપવાનું મહત્વનું કાર્ય કર્યું.

બ્રિટીશ યુગ દરમિયાન પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણની આધુનિક શિક્ષણ સંસ્થાઓ વિકાસ પામી તેમાં ખ્રિસ્તી મિશનરીઓ, બ્રિટીશ સરકાર તથા સ્વયં ભારતીયોએ પણ મહત્વનો ભાગ ભજવ્યો હતો. ખ્રિસ્તી મિશનરીઓ ભારતમાં પોતાના ધર્મનો ફેલાવો કરવા માટે આધુનિક શિક્ષણનો પ્રચાર કરવા લાગ્યા.



Publishing URL: http://www.researchreviewonline.com/issues/volume-5-issue-73-may-2019/RRJ000035

ISSN : 2321- 4708
May 2019, Year - 5 (73)
Paper ID : RRJ000035

બ્રિટીશ સરકારે ભારતમાં શાળા, કોલેજનું વિશાળતંત્ર ઉભુ કર્યુ. તેમાં મુખ્યત્વે તેની રાજકીય, વહીવટી તથા આર્થિક જરૂરિયાતો પુરી પાડવા માટે આધુનિક શિક્ષણનો પ્રારંભ કર્યો. તેને પોતાના વહીવટ માટે કર્મચારીઓની જરૂરિયાત ઉભી થઈ તે માટે તેણે શાળા, કોલેજમાં આ પ્રકારનું શિક્ષણ આપ્યું. આ ઉપરાંત સ્વયં ભારતીયોએ પણ શિક્ષણ વિકાસ કરવામાં મહત્વનો ભાગ આપ્યો. રાજારામ મોહનરાયે અંગ્રેજી ભાષાને પશ્ચિમના અને લોકશાહી વિચારોના ભંડારની ચાવી ગણી શિક્ષણનો પ્રચાર કર્યો. આ ઉપરાંત અન્ય શિક્ષણ પ્રેમીઓએ પણ દેશભરમાં ઠેકઠેકાણે પુરૂષો તેમજ સ્ત્રીઓ બન્ને માટે શિક્ષણ સંસ્થાઓ સ્થાપવા પ્રયાસ કર્યો.

**સ્વતંત્ર ભારતમાં શિક્ષણનો વિકાસ :**

સ્વતંત્રતા પછી રાષ્ટ્રીય સરકારે દેશનાં ગ્રામિણ અને શહેરી વિસ્તારોમાં ઠીક–ઠીક પ્રમાણમાં નવી શૈક્ષણિક સગવડો ઉપલબ્ધ કરી છે. પ્રાથમિક શિક્ષણ મફત અને ફરજિયાત કરવામાં આવ્યુ છે. કેટલાક રાજયોએ માધ્યમિક શિક્ષણ પણ મફત આપવાની યોજના દાખલ કરી. આદિવાસીઓ અને પછાત જ્ઞાતિઓના બાળકોને બધી કક્ષાએ મફત શિક્ષણ આપવાનો પ્રબંધ થયો. આ બધા પરિબળોએ શિક્ષણનું પ્રમાણ વધારવામાં ભાગ ભજવ્યો.

૧૯૫૧ માં દેશમાં કુલ ૧૬.૬% સ્ત્રી–પુરૂષોએ શિક્ષણ મેળવ્યુ હતું. ૧૯૯૧માં શિક્ષણનું પ્રમાણ ૫૨.૧૧% થયું. આમ, ૧૯૫૨ થી ૧૯૯૧ ના ૪૦ વરસના ગાળામાં શિક્ષણના કુલ પ્રમાણમાં લગભગ ૩૬% નો વધારો થયો છે.

૧૯૬૧ની વસ્તી ગણતરી મુજબ દેશમાં કુલ ૧૦ કરોડ ૫૫ લાખ ઉપરાંત સ્ત્રી પુરૂષો (૨૪%) શિક્ષિત હતા. આમા પુરૂષોની સંખ્યા લગભગ ૭ કરોડ ૮૦ લાખ (૩૪.૫%) અને સ્ત્રીઓની સંખ્યા ૨ કરોડ ૭૬ લાખ (૧૩%) જેટલી હતી. ૧૯૯૧ની વસ્તી ગણતરી મુજબ ભારતમાં શિક્ષિત વ્યકિતઓની સંખ્યા ૩૫ કરોડ ૨૦ લાખ થવા પામી. આમ, પુરૂષોના શિક્ષણનું પ્રમાણ ૬૩.૮૬% અને સ્ત્રી શિક્ષણનું પ્રમાણ ૩૯.૪૨% થયુ છે.

**૧) પ્રાથમિક શિક્ષણનો વિકાસ :**

૧૯૫૦–૫૧ માં દેશમાં પ્રાથમિક શાળાઓની કુલ સંખ્યા ૨,૦૯,૬૭૧ની હતી. અને પ્રાથમિક શાળાઓમાં ૧ થી ૫ માં ધોરણ સુધીમાં ભણતા વિદ્યાર્થીઓની સંખ્યા ૧૯૧.૫ લાખ હતી. ૧૯૯૦ માં પ્રાથમિક શાળામાં ૯૭૩ લાખ બાળકો હતા. ૧૯૯૦ માં દેશમાં પ્રાથમિક શાળાઓની સંખ્યા ૫ લાખ ૫૦ હજારથી વધુ હતી.

**૨) માધ્યમિક શિક્ષણનો વિકાસ :**

૧૯૫૦–૫૧ માં આપણા દેશમાં કુલ ૨૯,૮૮૪ માધ્યમિક શાળાઓ હતી, માધ્યમિક શાળાઓની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થયો છે. તે જ રીતે છઠ્ઠાથી બારમાં ધોરણ સુધીમાં ૧૧ થી ૧૭ વરસની વયજૂથના માધ્યમિક શાળામાં શિક્ષણ લેતા કુલ વિદ્યાર્થીઓની સંખ્યા ૧૯૫૦–૫૧ માં ૫૪ લાખ હતી. આ સંખ્યા ૧૯૯૦ માં વધીને ૩૦૦ લાખની થઈ હતી. ૧૯૯૦ માં માધ્યમિક શાળાઓની સંખ્યા ૧ લાખ ૪૩ હજારથી વધુ છે.

દેશમાં માધ્યમિક શિક્ષણને ઉત્તેજન આપવા માટે આંધ્રપ્રદેશ, કર્ણાટક, તમિલનાડું, મધ્યપ્રદેશ, ઓરિસ્સા વગેરે રાજયોમાં માધ્યમિક શિક્ષણ છોકરીઓ માટે મફત કરવામાં આવ્યુ. આ ઉપરાંત અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓના બધા જ છોકરા–છોકરીઓ માટે દેશના બધા જ રાજયોમાં માધ્યમિક શિક્ષણ મફત કરવામાં આવ્યુ છે.

ISSN : 2321- 4708
May 2019, Year - 5 (73)
Paper ID : RRJ000035

**૩) ઉચ્ચ શિક્ષણનો વિકાસ :**

૧૯૫૦–૫૧માં દેશમાં યુનિવર્સિટીઓની કુલ સંખ્યા ૨૭ની હતી. ૧૯૯૦માં તે વધીને ૧૭૬ની થઈ. આર્ટસ, સાયન્સ અને કોમર્સ કોલેજની સંખ્યા ૧૯૫૦–૫૧માં ૫૪૨ની હતી. જે ૧૯૯૦ માં લગભગ પાંચગણા વધીને ૫૨૦૦ થઈ.

ઉચ્ચ શિક્ષણની કક્ષાએ વિદ્યાર્થીઓની સંખ્યામાં પણ ઉત્તરોત્તર વધારો થયેલો જોવા મળે છે. ૧૯૫૦–૫૧માં યુનિવર્સિટી કક્ષાએ આર્ટસ, સાયન્સ અને કોમર્સ કોલેજમાં શિક્ષણ લેતા વિદ્યાર્થીઓની સંખ્યા ૩.૬ લાખ હતી. આ સંખ્યા ૧૯૯૦માં વધીને ૪૫ લાખની થઈ. આમ, કોલેજ અને યુનિવર્સિટી શિક્ષણમાં પણ ઘણો વધારો થયો.

## સંદર્ભ

૧) સામાજિક સંશોધન પધ્ધતિઓ
પ્રો. એ.જી.શાહ, પ્રો. જે.કે.દવે, અનડા પ્રકાશન

૨) સામાજિક સમસ્યાઓ
એ.જી.શાહ અને જે.કે.દવે

૩) વસ્તી શિક્ષણ
પ્રિ. ચતુરભાઈ એચ. પટેલ, પ્રો. ડી.એન.જોષી
પ્રો. ડી. ડી. બારડ

૪) વૈકલ્પિક શિક્ષણ વ્યવસ્થા
લેખક : રાજેન્દ્ર રાવલ, જે.એસ.આનંદ

૫) આધુનિક ભારતમાં સામાજિક પરિવર્તન
એ.જી.શાહ, જે.કે.દવે